

ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૪ અંક : ૨૬૪ તા. ૦૬-૦૭-૨૦૧૮ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા

હિંદુસ્તાન યુનિલીવરમાં ટ્રેન્ડ તેજીતરફી

સિપ્લાના શેરમાં મજબૂત ઉછાળાનો સંકેત આપ્યો હતો અને આ ફાર્મા શેર અત્યારે ધીરે ધીરે વધીને રૂ. ૬૧૬.૬૫ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં સિપ્લાના શેરમાં હજી રૂ. ૬૨૬-૬૩૦નો ભાવ આવવાની સંભાવના મજબૂત છે અને તેવી જ રીતે **લ્યુપિન**ના શેરમાં પણ છેલ્લી થોડી સેશનોથી સુંદર ઉછાળાનો ટ્રેન્ડ જોવાયો છે. લ્યુપિન અત્યારે રૂ. ૯૦૪ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં ઝડપથી રૂ. ૯૨૦-૯૨૪નો ભાવ જોવા મળે તે સંભાવના મજબૂત છે.

> **ટાટા મોટર્સ**ના શેરમાં હવે ઘટાડાની જગ્યા ખૂબ નાની છે

તેવી જ રીતે **ડો. રેડ્ડીઝ**ના શેરમાં પણ ટ્રેન્ડ તેજીતરફી છે. પરંતુ ગયા અઠવાડિયે ડો. રેડ્ડીઝમાં થોડું પ્રોફીટ બુકીંગ જોવાયું હતું અને આ નાના કરેક્શન પછી ડો. રેડ્ડીઝમાં ઝડપી ઉછાળાની ગણતરી છે.

fastrack
move on
Girl
Genelia
Sweet no more!

ગયા અઠવાડિયે **એચડીએફસી** રૂ. ૧૯૦૭ ઉપર હતો અને બેતરફી ઝડપી વધઘટ પછી એચડીએફસીનો શેર અત્યારે રૂ. ૧૯૦૮ ઉપર આવી ગયો છે. અઠવાડિયા દરમિયાન એચડીએફસીના શેરમાં એક વખત રૂ. ૧૯૩૫નું ટોપ બન્યું હતું. આ શેરમાં રોકાણ જાળવી શકાય અને આગામી દિવસોમાં એચડીએફસીના શેરમાં ઝડપી ઉછાળાની ગણતરી છે. તેવી જ રીતે **રિલાયન્સ**ના શેરમાં પણ રૂ. ૧૦૧૨ના ભાવે બેતરફી ઝડપી વધઘટની સંભાવના દર્શાવેલી. રિલાયન્સનો શેર ગયા અઠવાડિયા દરમિયાન એક વખત રૂ. ૧૦૧૭ થયા પછી અત્યારે રૂ. ૯૭૩ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં કંપની તેના કન્ઝ્યુમર બિઝનેસના આઈપીઓ અંગે વિચારણા કરે તે સંભાવના મજબૂત હોવાથી આ શેરમાં ધીમો અપટ્રેન્ડ શરૂ થવાની ગણતરી છે.

તેવી જ રીતે **એચડીએફસી બેન્ક**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. એચડીએફસી બેન્ક અત્યારે રૂ. ૨૧૦૮ ઉપર આવ્યો છે અને ગયા અઠવાડિયે એચડીએફસી બેન્કનો શેર રૂ. ૨૦૦૦ ઉપર હતો અને તેને માટે રૂ. ૨૧૫૦નું લક્ષ્યાંક આપેલું અને તે લક્ષ્યાંકની સામે એચડીએફસી બેન્કનો શેર એક વખત રૂ. ૨૧૭૦ થયા પછી અત્યારે રૂ. ૨૧૦૮ ઉપર મળી રહ્યો છે અને આ શેરમાં રોકાણ જાળવી શકાય. એચડીએફસી બેન્કનો શેર અત્યારે મેજર અપટ્રેન્ડમાં આગળ વધી રહ્યો છે અને જે રીતે તેની પાસે રૂ. ૨૪૦૦૦ કરોડનું જંગી ભંડોળ આવવાનું છે અને ડિપોઝીટો ઝડપથી વધતી જાય છે તેને કારણે બેન્કની નફાશક્તિ અતિશય ઝડપથી વધશે અને તેનો ફાયદો શેરના ભાવ ઉપર પણ જોરદાર જોવાવાની ગણતરી છે.

મારુતિનો શેર રૂ. ૮૮૭૫ ઉપર જાળવી રાખવાનું કહ્યું હતું. નાના ઘટાડા સાથે આ શેર રૂ. ૮૮૨૬ બંધ આવ્યો છે અને તેમાં રોકાણ જાળવી શકાય. **ટીસીએસ**માં ગયા અઠવાડિયા દરમિયાન ભાવ થોડો ઘટીને રૂ. ૧૮૦૯ ઉપર આવ્યો હતો અને તે પછી ટીસીએસ અત્યારે નાના ઈન્વેસ્ટરોની જોરદાર લેવાલી પાછળ રૂ. ૧૮૪૮ ઉપર આવી ગયો છે અને આગામી થોડાં દિવસોમાં જ ટીસીએસમાં રૂ. ૧૯૦૦ ઉપરનો ભાવ જોવા મળે તોપણ નવાઈ નહીં લાગે. ચાણક્યના પાનાં ૨૪ ઉપર નાના ઈન્વેસ્ટર રેકર્ડ ડેટ જાહેર થાય તે પહેલાં થોડું રોકાણ કરીને કેવી રીતે કમાઈ શકે તે વ્યૂહરચના દર્શાવી છે.

ઓએનજીસીમાં ઘટાડાનો સંકેત આપ્યો હતો અને તે મુજબ ઓએનજીસી અત્યારે રૂ. ૧૫૮ ઉપર છે. પરંતુ હવે આ શેરમાં ટ્રેન્ડ બદલાય છે કે કેમ તે જોવું રસપ્રદ છે અને શક્ય છે કે નવા અઠવાડિયામાં આ શેરમાં ધીમો સુધારો શરૂ થાય.

સામે પક્ષે રૂ. ૬૫૫ ઉપરના **ટેક મહિન્દ્રા**માં પ્રોફીટ બુકીંગ અને કરેક્શનની સંભાવના મોટી છે. ફંડામેન્ટલ અંગે કોઈ ચિંતાનું કારણ ના હોવા છતાં આગામી દિવસોમાં ટેક મહિન્દ્રા ઝડપથી ઘટીને એક વખત રૂ. ૬૧૩ અને તે લેવલ તૂટે તો રૂ. ૫૭૨ સુધી આવી જવાની સંભાવના મજબૂત છે.

શોર્ટટર્મ એંગલથી **એચપીસીએલ**ના શેરમાં પણ છેલ્લાં થોડાં દિવસોથી સારો એવો ઘટાડો જોવાયો. એચપીસીએલ અત્યારે રૂ. ૨૫૯ ઉપર છે અને એક વખત ઘટીને રૂ. ૨૫૦-૨૪૦ આવી જાય તોપણ નવાઈ નહીં લાગે.

ટાટા મોટર્સના શેરમાં હવે ઘટાડાની જગ્યા ખૂબ નાની છે. શેર છેલ્લાં દિવસોમાં ઘટીને રૂ. ૨૬૯ ઉપર આવી ગયો છે પરંતુ હવે આ શેરમાં ગમે ત્યારે ટ્રેન્ડ તેજીતરફી થઈ જવાની સંભાવના મજબૂત છે અને તેથી હવે મંદીનો વેપાર સંકેલવો.

સામે પક્ષે **હિરો મોટોકોર્પ** પણ ઘટીને રૂ. ૩૪૭૩ ઉપર આવ્યો છે અને એક વખત રૂ. ૫૦નો બીજો ઘટાડો થઈ જાય તે પછી હિરો મોટોકોર્પમાં પણ ટ્રેન્ડ બદલાય તેવી ગણતરી છે.

ગયા અઠવાડિયા દરમિયાન **મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા** ઘટીને રૂ. ૮૯૭ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં વધારે મોટા ઘટાડાની સંભાવના છે. જ્યારે **વેદાંતા**નો શેર હવે કરેક્શન પતાવીને સુધારાતરફી થઈ ગયો છે. અત્યારે રૂ. ૨૩૬ ઉપર આવેલા વેદાંતામાં આગામી દિવસોમાં મજબૂત ઉછાળા સાથે રૂ. ૨૪૨-૨૫૦નો ભાવ જોવાવાની ગણતરી.

ટાઈટનના શેરમાં અત્યારે રૂ. ૮૭૮નો ભાવ છે અને ટાઈટનમાં રાકેશ ઝુનઝુનવાલાએ પ્રોફીટ બુકીંગ કર્યાના અને શેરો વેચ્યાના સમાચારો આવ્યા હતા. પરંતુ આ ભાવે ટાઈટનમાં ઘટાડાની સંભાવના નથી દેખાતી.

શાંસ ચિટં મંટે મગજને દસેજ રંખે સેમજ ચિંસં,
અકળંમણ, ગુસ્દેં તૂર કરે સે મંટે વૈઇંનિક ઢબે સૈચંર
થંસુ ક્રૅંદવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃત્ં લૅંકૅં, ગૃહિણીઍં, બંળકૅં,
ચંલીદીમાં પ્રવેશી ચૂકેલંઍં મંટે
બેસ્ટ

તર બુધવંરે, કૅંપી બુક કરવૅં

રૂ. ૧૯૩૨ના ભાવે **ઈન્ડસઈન્ડ બેન્ક**માં નબળાઈ અને પ્રોફીટ બુકીંગ શરૂ થયા છે અને આગામી દિવસોમાં ઈન્ડસઈન્ડનો શેર ઝડપથી ઘટીને રૂ. ૧૯૦૦ આસપાસ આવી જવાની સંભાવના મજબૂત છે.

અલ્ટ્રાટેક સિમેન્ટ છેલ્લાં ઘણાં દિવસોથી સતત ઘટીને બાવન અઠવાડિયાના બોટમ ઉપર આવી ગયો હતો. અલ્ટ્રાટેક અત્યારે રૂ. ૩૮૧૮ ઉપર છે અને આગામી દિવસોમાં અલ્ટ્રાટેકમાં રૂ. ૩૮૧૮નો ભાવ જોવાવાની સંભાવના મજબૂત છે. જ્યારે **કોટક બેન્ક** લાંબી મજબૂત તેજી માટે તૈયાર થઈ ગયો છે. અત્યારે રૂ. ૧૩૪૩ના ભાવે આ શેરમાં રોકાણ જાળવી શકાય અને આગામી દિવસોમાં ધીરે ધીરે થોડાં અઠવાડિયામાં વધીને રૂ. ૧૫૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે. જ્યારે શોર્ટટર્મમાં પણ આ શેરમાં રૂ. ૧૩૭૨નો ભાવ આવવાની ગણતરી.

ટીસીએસની સાથે સાથે **ઈન્ફોસિસ**માં પણ મૂડ તેજીતરફી થઈ ગયો છે. ઈન્ફોસિસ અત્યારે રૂ. ૧૩૦૭ ઉપર છે અને આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૧૩૪૦-૧૩૫૦નો ભાવ આવવાની સંભાવના ખૂબ જ મજબૂત છે.

ભારતી એરટેલનો શેર પણ તેજીતરફી થયો છે. એક તરફ આઈડિયા અને વોડાફોન માટે નવું નામ મંજૂર થઈ ગયું અને આ નવી કંપની તેમજ ભારતી એરટેલ રિલાયન્સ જીઓને સજ્જડ હરીફાઈ માટે તૈયાર થાય તોપણ નવાઈ નહીં લાગે. રૂ. ૩૮૧ના ભાવે થોડાંક ભારતી લઈને મૂકી શકાય અને તેમાં ઉપરમાં રૂ. ૪૦૦ના ભાવની ગણતરી.

રૂ. ૧૬૪૧વાળા **હિંદુસ્તાન યુનિલીવર**માં ટ્રેન્ડ તેજીતરફી છે. છેક રૂ. ૧૧૦૦ના ભાવથી હિંદુસ્તાન યુનિલીવરની તેજી દર્શાવીએ છીએ અને અત્યારના રૂ. ૧૬૪૧માં પણ શેર જાળવી રાખવો. આગામી થોડાં દિવસોમાં જ રૂ. ૧૬૭૧ અને તે પસાર થયા પછી રૂ. ૧૭૦૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

રૂ. ૩૦૦ના ભાવે **ભારતી ઈન્ફ્રાટેલ**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. રિલાયન્સ કોમ્યુનિકેશન અને અન્ય કેટલીક ટેલિકોમ કંપનીઓનો બિઝનેસ ઘટ્યો હોવાથી થોડો વખત આ શેર ઘટ્યો હતો. પરંતુ હવે ટેલિકોમ કંપનીઓ પોતાનું નેટવર્ક મજબૂત કરવા માટે પ્રયત્ન કરી રહી છે અને તે પાછળ ટાવરોની માંગ વધવાની. અત્યારનો રૂ. ૩૦૦વાળો આ શેર આગામી દિવસોમાં રૂ. ૩૧૦-૩૧૫ ઉપર આવવાની સંભાવના છે.

રૂ. ૩૪૦ના ભાવે **યસ બેન્ક**ના શેરમાં પણ થોડું રોકાણ કરી શકાય. સુંદર ફંડામેન્ટલવાળી આ બેન્ક જૂન ક્વાર્ટરમાં જોરદાર નફો આપશે અને તે એંગલથી ૧ મહિના માટે થોડાંક શેરો લઈને મૂકી દો.એક તરફ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારતમાં આયાત થતી અમેરિકન પ્રોડક્ટો ઉપર ડ્યુટી ઘટાડવાનું દબાણ અને બીજી તરફ ભારત ઈરાનથી ક્રૂડ નવેમ્બર સુધીમાં ખરીદવાનું બંધ કરશે તેવા દબાણને કારણે ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો બગડે તે ભય ઊભો થયો છે અને આ ડેવલપમેન્ટ અને ભયની સાથે સાથે ચૂંટણીઓ પણ કદાચ વહેલી આવી જાય તે સંભાવના જોવાય છે અને આ બંને પાસાંઓની થોડી ઊંડાણપૂર્વક ચર્ચા આવશ્યક છે.

TITAN
be more
Stay New

HAIR COLOUR IN THE WORLD
EXCELLENCE Crème
Rich shades of deep red, Triple protection and Zero greys.
L'ORÉAL PARIS

વાસ્તવમાં તો સને ૨૦૧૯ આખરમાં લોકસભાની ચૂંટણીઓ આવવાની છે, અને તે પહેલાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં વિધાનસભાની ચૂંટણીઓ આવશે. અત્યારે કર્ણાટકની ચૂંટણીઓ પછી અને લોકસભાની પેટા ચૂંટણીઓ પછી જે રીતે વિરોધ પક્ષો ભેગા થઈ રહ્યા છે તે પ્રક્રિયા રાજસ્થાન અને મધ્યપ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓ પછી વેગવંતી બને તે સંભાવના છે અને જે રીતે રાજકીય ગણિત મૂકાય છે તે જોતાં રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં અત્યારની ભાજપ સરકારો ફરી વખત ચૂંટાય તે સંભાવના ઓછી છે. રાજસ્થાનમાં તો ભાજપે પણ એકંદરે સ્વીકારી લીધું છે કે આ વખતે તેમને સત્તા નહીં મળે. જ્યારે મધ્યપ્રદેશ અંગે ૫૦ : ૫૦નો માહોલ છે. પરંતુ આ બંને રાજ્યોમાં જો વિરોધ પક્ષો ભેગા થઈ જાય તો અગાઉની લોકસભાની ચૂંટણીમાં કેવળ ૩૧ ટકા વોટ મેળવીને ભાજપ સત્તા ઉપર આવ્યો હતો તે શક્ય ન બને. અગાઉની ચૂંટણીમાં લગભગ ૬૯ ટકા મત અન્ય પક્ષોને એટલે કે વિરોધ પક્ષોને મળ્યા હતા અને છતાં પણ વિરોધ પક્ષો વહેંચાયેલા હોવાથી ભાજપને જંગી બહુમતી લોકસભાની ચૂંટણીમાં મળી હતી અને આ ગણિત મોડે મોડે વિરોધ પક્ષો સમજ્યા છે અને ઉત્તર પ્રદેશની પેટા ચૂંટણીઓ પછી આ સમજનો ઉપયોગ ૩ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓમાં થવાની સંભાવના મજબૂત છે અને જો આવું બને તો ભાજપનો પાયો વધારે નબળો પડી શકે અને નેગેટિવ ટ્રેન્ડની અસર લોકસભાની ચૂંટણીઓના પરિણામો ઉપર પણ થાય તે સંભાવના હવે વધી છે અને તેથી આવું ના બને તે માટે સંભવ છે કે એક વખત સારું ચોમાસું થઈ જાય તે પછી તરત જ ૩ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓની સાથે સાથે ભાજપ લોકસભાની ચૂંટણી પણ આપી દે તે સંભાવના ખૂબ મોટી છે અને આ સંભાવના હવે મજબૂત થઈ રહી હોવાથી તેની સીધી અસર શેરબજારના માહોલ ઉપર શરૂ થઈ ગઈ છે. સામાન્ય રીતે જ્યારે રાજકીય અનિશ્ચિતતા ઊભી થાય ત્યારે શેરબજારમાં ટ્રેન્ડ પ્રવાહી પ્રવાહી થઈ જતો જોવાયો છે.

TISSOT LOVELY
Chosen by Deepika Padukone – Actress
and water resistance up to 30m/100ft.
IN TOUCH WITH YOUR TIME
TISSOT
SWISS WATCHES SINCE 1853
INNOVATORS BY TRADITION
Get in touch at www.tissot.ch

સામે પક્ષે અમેરિકન પ્રમુખ દ્વારા ઈરાનમાંથી ક્રૂડની આયાત બંધ કરવાનું ફરમાન ભારતને થઈ ગયું છે અને જો ભારત આ વાત નહીં માને તો સ્વાભાવિક છે કે અમેરિકન પ્રમુખ ભારત ઉપર પ્રતિબંધો લાદવાનું શરૂ કરશે અને આ પ્રમુખ આવાં કોઈ પગલાં નહીં લે તેમ માનવાનું કોઈ કારણ નથી. જે વ્યક્તિ પોતાના મિત્ર દેશોમાંથી આયાત થતી પ્રોડક્ટો ઉપર પણ જોરદાર ટેરિફ લગાડી શકતો હોય તેને માટે ભારત ઉપર પ્રતિબંધો લાદવા સહેજે મુશ્કેલ નથી અને આ ડેવલપમેન્ટ જો થાય તો તેની જોરદાર અસર ભારતમાંથી નિકાસ થતી ફાર્મા પ્રોડક્ટો, લેધર, ટેક્સટાઈલ અને અન્ય એન્જિનિયરિંગ પ્રોડક્ટો ઉપર ગંભીરપણે પડે તે સંભાવના મજબૂત છે. આવી જ જોરદાર અસર ભારતની આઈટી કંપનીઓ ઉપર પણ પડી શકે. કદાચ ટેમ્પરરી ધોરણે આઈટી કંપનીઓ અને ફાર્મા કંપનીઓને પ્રતિબંધમાંથી બાકાત રખાય. પરંતુ અન્ય પ્રોડક્ટ ઉપર જોરદાર ટેરિફ અથવા તો પ્રતિબંધો લાદી દેતાં અમેરિકન પ્રમુખને કોઈ અચકાટ ન થઈ શકે અને આ ભયની સીધી અસર પણ અત્યારે શેરબજારના માહોલ ઉપર થઈ રહી છે. એમ પણ ૫૦૦ જેટલાં મિડકેપ અને સ્મોલકેપ શેરો તો અત્યારે બાવન અઠવાડિયાના બોટમ ઉપર ઉતરી ગયા છે અને છેલ્લી થોડી સેશનોથી લાર્જકેપ શેરોમાં પણ વેચવાલીનું દબાણ વધ્યું છે.

સામે પક્ષે ચોમાસું અપેક્ષા કરતાં થોડું વિલંબમાં પડ્યું છે અને હવે નવા રિપોર્ટ મુજબ ઉત્તર ભારત અને ઉત્તર પૂર્વીય ભારતમાં ચોમાસું નબળું પડે તે સંભાવના જોવાય છે અને આ ડેવલપમેન્ટની અસર પણ કંઈક અંશે શેરબજારના માહોલ ઉપર છે. બુધવારે સેન્સેક્સમાં તીવ્ર ઘટાડા પછી ગુરુવારે પણ બજારનો માહોલ નબળો રહ્યો હતો અને ગણતરીના ૫-૭ શેરો સિવાય અન્ય શેરોમાં મોટા પાયે પ્રોફિટ બુકીંગ જોવાઈ રહ્યું છે.

સામે પક્ષે અમેરિકામાંથી પણ આર્થિક આંકડાઓ થોડાંક બિનપ્રોત્સાહક છે. ગયા અઠવાડિયે અમેરિકામાં ડ્યુરેબલ ગુડ્સના ઓર્ડરોમાં નબળાઈ જોવાઈ હતી. એનાલિસ્ટોને ૧ ટકો ઘટાડો થશે તેવો ભય હતો. તેને બદલે ડ્યુરેબલ ગુડ્સના ઓર્ડરોમાં મે મહિના દરમિયાન ૦.૬ ટકાનો ઘટાડો જોવાયો છે. પરંતુ સૌથી મહત્ત્વની બાબત ક્રૂડમાં તોતિંગ ઉછાળો અને રૂપિયાની નબળાઈ છે. અમેરિકન ક્રૂડ ૩.૬ ટકા વધીને ૭૦.૫૩ ડોલર આસપાસ આવી ગયું છે અને અમેરિકન સ્ટેટ ડિપાર્ટમેન્ટે ઈરાનમાંથી ક્રૂડની આયાતો સંપૂર્ણપણે બંધ કરી દેવા સૂચના આપ્યા પછી સ્વાભાવિક છે કે ક્રૂડના ભાવમાં ઝડપી ઉછાળો જોવાય. છેલ્લાં લગભગ ૨ વર્ષથી વૈશ્વિક ક્રૂડ સપ્લાયમાં ઈરાનનો હિસ્સો ઘણો જ મોટો હતો અને જો આ ખરીદી બંધ થઈ જાય તો આંતરરાષ્ટ્રીય બજારોમાં થોડાં દિવસો પૂરતી શોર્ટેજ ઊભી થવાની સંભાવના છે. બીજી તરફ રૂપિયામાં તોતિંગ ઘટાડો જોવાયો છે.

છેલ્લાં ઘણાં અંકથી ચાણક્યના કરન્સી એનાલિસિસમાં સ્પષ્ટ રીતે દર્શાવતાં હતાં કે ડોલરની સામે રૂપિયાને કૃત્રિમ રીતે ટકાવી રાખ્યો છે કે મજબૂત દર્શાવવા પ્રયત્ન થાય છે. પરંતુ રૂપિયાનું મૂલ્ય ડોલરની સામે એકદમ નબળું છે અને બરાબર તે મુજબનો ટ્રેન્ડ જ જોવાયો. ડોલરની સામે રૂપિયો અત્યારે ફ્યુચરમાં ૬૯.૯૨ના લેવલ ઉપર આવી ગયો છે. જ્યારે સ્પોટમાં રૂપિયો અત્યારે ૬૮.૮૯૫૦ના લેવલ ઉપર પહોંચી ગયો છે અને ગણતરીના કલાકોમાં જ ૬૯નું લેવલ ટચ થઈ જાય તો પણ નવાઈ નહીં લાગે. સને ૨૦૧૮માં આ રીતે રૂપિયામાં ૮ ટકાનો ઘસારો જોવાયો અને પ્રથમ વખત ડોલરની સામે રૂપિયો ૬૯ના લેવલ ઉપર આવ્યો છે અને આવતાં થોડાં દિવસોમાં નિકાસો વધારે મોંઘી થાય તો તેની સીધી અસર રૂપિયા ઉપર એકદમ અવળી પડશે અને આ ડેવલપમેન્ટને કારણે રૂપિયામાં સતત ઘસારો ચાલુ રહેશે તે સંભાવના મજબૂત છે.

કેન્દ્ર સરકારની પોઝિશન પણ અત્યારે નબળી છે. ભાજપ તરફી વાંચકો નહીં સ્વીકારે પરંતુ અત્યારે કેન્દ્ર સરકારમાં અરવિંદ સુબ્રમણ્યમની વિદાય પછી આર્થિક બાબતો અંગે કોઈ નિષ્ણાત વ્યક્તિ નથી રહ્યો. અગાઉ રઘુરામરાજન ગયા અને તે પછી અરવિંદ સુબ્રમણ્યમ પણ ગયા. શ્રી અરૂણ જેટલી સારા માણસ હશે તે અંગે કોઈ ચર્ચા નથી પરંતુ તેઓ વકીલાતના નિષ્ણાત છે. જ્યારે આર્થિક બાબતો એક અલગ જ વસ્તુ છે અને તેથી સ્વાભાવિક છે કે આવી પરિસ્થિતિમાં અર્થતંત્રનું સુકાન તેઓ કેવી રીતે સંભાળશે તે પ્રશ્નનો જવાબ અમારી પાસે નથી અને આ સંજોગોમાં કેટલાક ખોટા નિર્ણયો લેવાઈ જાય તે ભય પણ વધ્યો છે.

સામે પક્ષે પેટ્રોલ, ડીઝલ મોંઘા થઈ રહ્યા હોવાને કારણે તેની નબળી અસર ફુગાવા ઉપર પણ પડવાની અને ફુગાવામાં ઉછાળા પછી પગારો અને અન્ય ચીજવસ્તુઓ પણ મોંઘા થતાં સમગ્ર અર્થતંત્ર ઉપર વિપરીત અસર પડે તે ભય વધ્યો છે અને છેલ્લાં થોડાંક અંકથી આ પ્રકારનો સંકેત ચાણક્યના માર્કેટ રિપોર્ટમાં અમે આપી જ રહ્યા હતા.

આ માહોલમાં શોર્ટટર્મ એંગલથી કામ કરવામાં ખૂબ જ સાવચેત રહેવું જરૂરી છે. પરંતુ લાંબાગાળાના ઈન્વેસ્ટરો માટે પણ ભાવમાં મોટો ઘટાડો અપેક્ષિત હોવાથી ખૂબ જ વિચારીને કામ કરવાની સલાહ છે.

સિમેન્ટ ઉદ્યોગ અત્યારે વિરોધાભાસી તબક્કામાંથી પસાર થઈ રહ્યો છે. એક તરફ સિમેન્ટ સેક્ટરમાં કોન્સોલિડેશનનો માહોલ છે અને સરકારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોને કારણે સિમેન્ટની માંગમાં પણ ખૂબ સુંદર ઉછાળો જોવાય છે. એપ્રિલ મહિના દરમિયાન પણ સિમેન્ટના ડિસ્પેચમાં લગભગ ૪ ટકાનો વધારો થયો હતો અને તે પછી મે મહિના દરમિયાન સિમેન્ટના ડિસ્પેચમાં ૬ ટકાનો વધારો થયો છે. એમ પણ સને ૨૦૧૭-૧૮માં મોટા ભાગની સિમેન્ટ કંપનીઓના નફાના આંકડા સુંદર આવ્યા છે. પરંતુ ચાલુ વર્ષ દરમિયાન ભલે વેચાણોમાં સુંદર ઉછાળો હોય પરંતુ સમે પક્ષે ક્રૂડ મોંઘુ થયું હોવાને કારણે સિમેન્ટ કંપનીઓના ફ્યુઅલ અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચામાં નોંધપાત્ર ઉછાળો છે અને સામે પક્ષે રિયલ એસ્ટેટમાં અપેક્ષા મુજબ નવી માંગ નથી દેખાતી. પ્રથમ તબક્કે અપેક્ષા હતી કે એપ્રિલ અને મે મહિના દરમિયાન રિયલ એસ્ટેટમાં માંગ શરૂ થશે. પરંતુ મોટા ભાગની રિયલ એસ્ટેટ કંપનીઓ અત્યારે દેવાના મોટા બોજા હેઠળ ફસાયેલી છે અને એનાલિસ્ટોને ભય છે કે આગામી સમયગાળામાં સ્ટીલ અને પાવર સેક્ટર પછી રિયલ એસ્ટેટ કંપનીઓને કારણે બેન્કોને મોટી ઘાલખાધ આવશે અને આ પરિસ્થિતિમાં સિમેન્ટ શેરોમાં ખૂબ જ સાવચેત રહેવું સલાહભરેલ છે.

આ તબક્કે લોંગટર્મ એંગલથી **અલ્ટ્રાટેક સિમેન્ટ**નો શેર ધ્યાનમાં રખાય. આદિત્ય બિરલા ગ્રૂપની આ કંપનીને તાજેતરમાં સેન્ચરી ટેક્સટાઈલનો સિમેન્ટ બિઝનેસ મળી ગયા પછી આવતાં થોડાં દિવસોમાં બિનાની સિમેન્ટ તેને મળે છે કે કેમ તે નક્કી થઈ જશે. અત્યારના રૂ. ૩૭૫૨ના ઘટેલા ભાવે અલ્ટ્રાટેક સિમેન્ટનો શેર કવર કરતા જવાય. આ શેરમાં બાવન અઠવાડિયામાં રૂ. ૩૬૩૦નું બોટમ બન્યું હતું.

અત્યારના ઘટેલા ભાવે **એસીસી**નો શેર કવર કરવો પણ

DYNAMIC INDUSTRIES LIMITED

Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road,
G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

૨૯મી વાર્ષિક સામાન્ય સભા અને શેરટ્રાન્સફર બુક બંધ થવાની તારીખની સુચના

આથી સુચના આપવામાં આવે છે કે કંપનીની ૨૯મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૩૧ જુલાઈ,૨૦૧૮ સમય: સવારે ૧૧:૩૦કલાકે યોજવામાં આવેલ છે,સ્થળ: રજિસ્ટર્ડ ઓફિસ પ્લોટ નંબર ૫૫૦૧/૨ ફેઝ -૩,ત્રિકમપુરા ચારરસ્તા, જી.આઈ.ડી.સી. વટવા,અમદાવાદ-૩૮૨૪૪૫ ગુજરાત સભાની સૂચના સાથે સામાન્ય વ્યવસાયો,૩૧માર્ચ ૨૦૧૮ એ પૂરા થતા વર્ષની ઓડિટેડ ઍકલ નાણાકીય પત્રક અને એકત્રિત નાણાકીય પત્રક,ઑડિટર્સ રિપોર્ટ અને ડિરેક્ટર્સ રિપોર્ટ મોકલવામાં આવેલ છે અને જે સભ્યોના ઈ-મેલ આઈડી નોધાવેલ છે એ સભ્યોને ઈ-મેલ દ્વારા મોકલવામાં આવેલ છે.

સભ્યોને આથી જણાવવાનું કે નોટીસ અને બધા ડૉકયુમેંટ કંપનીની વેબસાઈટ **www.dynaind.com** પર ઉપલબ્ધ છે. બધા ડૉક્યુમેંટની નકલ સભ્યોના નિરીક્ષણ માટે ધંધાકિય કલાકો દરમ્યાન વાર્ષિક સામાન્ય સભા સુધી કંપનીના રજિસ્ટર્ડ ઓફિસ પર ઉપલબ્ધ રહેશે.

સભ્ય પ્રૉક્સી નિમણૂક કરી શકે છે,પ્રૉક્સી નિમણૂક માન્ય ત્યારે જ થશે જો એ પ્રૉક્સી નિમણૂકનું ફોર્મ ૪૮ કલાક પહેલા કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર જમા કરવામાં આવશે.

આથી સૂચના આપવામાં આવે છે કે કંપની એક્ટ,૨૦૧૩ ની કલમ ૯૧ અને સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમ ૪૨ મુજબ,ડિવિડન્ડ ચુકવણી માટે, જાહેર કરાય તો,શનિવાર,૨૮ જુલાઈ,૨૦૧૮થી સોમવાર,૩૧ જુલાઈ,૨૦૧૮ ના રોજ મેમ્બર રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક બંધ રહેશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હુકમ દ્વારા

દીપકકુમાર એન ચોકસી
ચેરમેન
DIN:00536345

સ્થળ: અમદાવાદ
તારીખ: ૫ જુલાઈ,૨૦૧૮

સૂચના-ઇ-વોટિંગ

આથી સુચના આપવા માં આવે છે કે કંપનીની ૨૯મી વાર્ષિક સામાન્ય સભા તારીખ ૩૧ જુલાઈ,૨૦૧૮ સમય: સવારે ૧૧:૩૦ કલાકે યોજવામાં આવેલ છે.કંપનીઝ એક્ટ, ૨૦૧૩,કલમ-૧૦૮ અને સેબી,(લીસ્ટિંગ ઓબ્લિગેશન ઍન્ડ ડિસક્લોઝર રિક્વાઈરર્મેંટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના નિયમ ૪૪ મુજબ,કંપની તેના બધા સભ્યો ને ઈ-વોટીંગ દ્વારા મત આપવાની સુવિધા આપે છે,જે ઠરાવ વાર્ષિક સામાન્ય સભામાં પસાર કરવાનો છે. વાર્ષિક સામાન્ય સભા તેની રજિસ્ટર્ડ ઓફિસ,પ્લોટ નંબર ૫૫૦૧/૨ ફેઝ - ૩,ત્રિકમપુરા ચારરસ્તા,જી.આઈ.ડી.સી. વટવા,અમદાવાદ-૩૮૨૪૪૫,ગુજરાતમાં યોજવામાં આવેલ છે,સભ્યો તેમનો મત ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા કરી શકે છે.સભ્યો સ્થળ કરતાં અન્ય જગ્યાએથી પણ મત આપી શકે છે(રીમોટ ઈ-વોટિંગ) દ્વારા કંપનીએ ઈ વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે એજન્સી તરીકે સેન્ટ્રલ ડિપૉજિટરી સર્વિસ(ઈન્ડિયા)લિમિટેડની સેવાઓ લીધેલ છે.

કંપનીએ બધા સભ્યોને આ સુવિધાની માહિતી અને યૂઝર-આઈડી અને પાસવર્ડ નોટીસમાં દર્શાવેલ છે.નોટીસ અને બધા ડૉક્યુમેંટ કંપનીની વેબસાઈટ **www.dynaind.com** અને સેન્ટ્રલ ડિપૉજિટરી સર્વિસ(ઈન્ડિયા)લિમિટેડની વેબસાઈટ **www.evotingindia.com** પર મુકવામાં આવેલા છે.

રિમોટ ઈ-વોટિંગ ૨૮ જુલાઈ,૨૦૧૮,સવારે ૯:૦૦ થી ૩૦ જુલાઈ,૨૦૧૮ સાંજે ૫:૦૦ વાગ્યા સુધી ચાલુ રાખવામાં આવશે,આ સમય બાદ આ સુવિધા બંધ કરી દેવામાં આવશે.જે વ્યક્તિનું નામ કટ-ઓફ તારીખ એટલે કે,૨૫ જુલાઈ ૨૦૧૮ પર સભ્યો/લાભદાયી માલિકોના રજિસ્ટરમાં હશે તે વ્યક્તિ રિમોટ ઈ-વોટિંગ સુવિધા મેળવવા હકદાર રહેશે.

જે વ્યકિત નોટીસ મોકલ્યા બાદ સભ્યા બનશે અને જે વ્યક્તિ પાસે કટ-ઑફ તારીખ એટલે કે,૨૫ જુલાઈ,૨૦૧૮ના શેર હશે તે વ્યક્તિ પણ આ સુવિધા માટે હકદાર રહેશે.આ વ્યક્તિઓ તેમના યૂજર-આઈડી અને પાસવર્ડ માટે **ahmedabad@linkintime.co.in** અરજી મોકલીને મેળવી શકે છે.યૂજર-આઈડી અને પાસવર્ડ મેળવવા માટે વિગતવાર પ્રક્રિયા નોટીસમાં પણ આપેલ છે,નોટીસ અને બધા ડૉકયુમેંટ કંપનીની વેબસાઈટ **www.dynaind.com** અને સેન્ટ્રલ ડિપોઝિટરીઝ(ઈન્ડિયા)લિમિટેડની વેબસાઈડ **www.dynaind.com** પર મુકવામાં આવેલ છે. જે સભ્ય પહેલેથી ઈ-વોટિંગ માટે સી.ડી.એસ.એલ સાથે રજીસ્ટર થયેલ છે, તે સભ્ય તેમના વર્તમાન યૂજર-આઈડી અને પાસવર્ડ દ્વારા રિમોટ ઈ-વોટિંગ કરી શકે છે.

જે સભ્યો ઈ-વોટીંગ દ્વારા મત ના આપ્યો હોય તે સભ્યો વાર્ષિક સામાન્યસભા માં મતપત્ર દ્વારા મત આપી શકે છે. સભ્યોએ બંને માધ્યમ દ્વારા મતદાન કર્યું હોય તો ઈ-વોટિંગ દ્વારા કરવામાં આવેલા મતદાન માન્ય ગણવામાં આવશે અને મતદાન કાગળ દ્વારા મતદાન કરવામાં આવશે તે અમાન્ય તરીકે ગણવામાં આવશે.

રિમોટ ઈ-વોટીંગને લગતી સૂચના સામાન્યસભાની નોટીસમાં આપેલ છે. ઈ-વોટીંગ ને લગતી સૂચના સામાન્ય સભા ની નોટીસ માં આપેલ છે.ઈ-વોટીંગ ને લગતા પ્રશ્નો માટે સીડીએસએલ ની વેબસાઈટ **www.evotingindia.com** ના ફ્રીક્વેંટ્લી આસ્કડ ક્વેસ્ચન્સ (**FAQS**) જોવા અથવા ફોન નંબર ૧૮૦૦-૨૦૦-૫૫૩૩ પર વિનામૂલ્ય ફોન કરવો. ઈ-વોટીંગને લગતી ફરિયાદ માટે કૃપ્યા **helpdesk.evoting@cdsl.com** અથવા સીડીએસએલ,૧૭મો માળ,પીજે ટાવર,દલાલ સ્ટ્રીટ,ફોર્ટ,મુંબઈ,૪૦૦૦૦૧,અથવા ફોન નંબર ૦૨૨-૨૨૭૨૩૩૩૩/ ૮૫૮૮ પર સંપર્ક કરવો.

બધા સભ્યો જેને ઈ-વોટિંગ કરેલ હશે તે સભ્ય સભામાં આવી શકે છે પણ એ સભ્ય સભા માં મતપત્ર દ્વારા મત નહી આપી શકે.સભ્યોને સભા માં ભાગ લેવા માટે અટેન્ડેન્સ સ્લીપ સાથે ઓળખનો પુરાવો નોંધણી કાઉન્ટર પર જમા કરાવવા વિનંતી કરવામાં આવે છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ હુકમ દ્વારા

દીપકકુમાર એન ચોકસી
ચેરમેન
DIN:00536345

સ્થળ: અમદાવાદ
તારીખ: ૫ જુલાઈ,૨૦૧૮